રે.દિ. મુ.નં.૫૮/૨૦૧૫

નડીયાદ સ્પે. મુ.નં.૧/૨૦૧૪

**<u>વાદીની આંક–૫ ની અરજી તથા પ્રતિવાદી તરફે આંક–૧૬ ની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા માટેની અરજીઓ નીચે સંયુકત હુકમ</u>**

વાદીએ હાલનો આ દાવો કરારનું વિશિષ્ટ પાલન કરવા ડેકલેરેશન મેળવવા તથા વિલ કેન્સલેસનનું ડેકલેરેશન મેળવવા કરવામાં આવેલ હોઈ જેની ટુંકમાં હકીકતો નીચે મુજબ છે.

૨. માતર તાલુકાના મોજે સંધાણા ગામની સીમમાં ખેતીની જમીન ખાતા નં.૩૨ તથા બ્લોક નં.૨૧૩૫/૧ તથા બ્લોક નં.૨૧૩૫/૨ વાદીઓની સ્વતંત્ર કબજા ભોગવટાની જમીનો આવેલ છે. તેમજ સંધાણા ગામમાં ગ્રામ પંચાયત ઘર નંબર–૯૬૪ થી મકાન આવેલ છે જે વાદી નં.૨ ના નામે પંચાયતમાં ચાલતું આવેલ છે. અને સદરહું મિલ્કતો ઉપર પ્રતિવાદીઓના કોઈપણ પ્રકારનો લાગભાગ કે કોઈ હીત સબંધ આવેલ નથી અને વિલના કરનાર હસીનાબીબી વાદી તથા પ્રતિવાદીઓના માતા દ્વારા આ કામના પ્રતિવાદી ઓની સર સમંતી લઈને વાદીના લાભમા તા.૧/૧૨/૦૩ ના રોજ રજીસ્ટર વીલ નં.૫૨૮/૨૦૦૩ થી કરેલું. વીલ મુસ્લિમ કાયદા અનુસાર કરવામા આવેલ હોય અને વીલના કર્તાએ પ્રતિવાદીઓની સહ સંમતી લઈને કરેલ હોય પ્રતિવાદીઓને કબુલ અને બંધનકર્તા છે. તેવું ઠરાવી દાવાવાળી મિલ્કત પર વાદીઓને કાયદેસર પ્રાપ્ત થયેલ હોઈ આ કામના પ્રતિવાદીઓનો કોઈપણ

પ્રકારનો હક લાગ ભાગ હીત સબંધ આવેલ નથી. તેવો હુકમ તથા હુકમનામું વાદીના લાભમાં મેળવવા હાલનો આ દાવો લાવેલ છે. તેમજ આ કામના પ્રતિવાદી નં.૧ નાએ પાછળથી છળકપટથી તા.૨૩/૪/૦૭ ના રોજ રજીસ્ટર વીલ નં.૧૯૬/૦૭ ઉભું કરવામાં આવેલ છે. અને તે વીલ મુસ્લિમ કાયદા અનુસાર ૧/૩ હિસ્સાથી વધુ મીલકતનું ઉભું કરવામાં આવેલ છે. અને આ વીલ અંગે વાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨,૩ નાને કોઈપણ સહસંમતિ લેવામાં આવેલ ન હોઈ સદરહું વીલ ગેરકાયદેસરનું હોઈ રદબાતલ છે તેવું ઠરાવી આપવા તથા વીલના કર્તા હસીનાબીબીના અવસાન બાદ દાવાવાળી મિલ્કતના વાદી કાયદેસર માલિક બની ગયેલા હોઈ દાવામાં જણાવેલ ખેતીની જમીનમાં તથા જણાવેલ મિલ્કતમાં વાદી વસવાટ કરતાં હોઈ તેમના સ્થાન પ્રત્યેક્ષ કબજા ભોગવટામાં પ્રતિવાદીઓ કે તેમના મળતીયા એજન્ટો કે અસાઈનીઓ કાયદાની કોઈપણ પ્રક્રિયા કર્યા સીવાય હસ્તક્ષેપ અંતરાઈ, દખલ કે ટ્રેસપાસ કરે કરાવે નહી તે મતલબનું કાયમી મનાઈ હુકમ મેળવવા હાલનો આ દાવો લાવવામાં આવેલ છે.

સદરહું દાવાના સમર્થનમાં વાદી તરફે આંક-૫ થી અરજી દાખલ કરી દાવામાં જણાવેલ મિલ્કતોની માલિકી હકકથી વપરાશ ઉપયોગ, ઉપભોગ વાદીઓ કરતાં હોઈ અને સદરહું મિલ્કતમાં વાદીનો શાંત અને પ્રત્યક્ષ કબજો ભોગવટો હોઈ દાવાવાળી મિલ્કતમાં પ્રતિવાદીઓ કે તેમના મળતીયા એજન્ટો કે અસાઈનીઓ કાયદાની કોઈપણ પ્રક્રિયા કર્યા સીવાય હસ્તક્ષેપ અંતરાઈ, દખલ કે ટ્રેસપાસ કરે કરાવે નહી તેવો આ કામના આખરી નિકાલ સુધી પ્રતિવાદી વિરૂધ્ધ જાથુનો મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

દાવાનો સમન્સ તથા આંક–૫ ની અરજીનો નોટીસો પ્રતિવાદીઓને બજી જતાં પ્રતિવાદી તરફે આંક–૯ થી લેખિત જવાબ તથા વાદી વિરૂઘ્ધ કાઉન્ટર કલેમ દાખલ કરવામાં આવેલ છે.જેમાં મહદઅંશે વાદીના દાવાનો ઈન્કાર અને અસ્વીકાર કરવામાં આવેલ છે. અને પ્રતિવાદી તરફે તેમના જવાબમાં એવી હકીકતો જણાવેલ છે કે, સદરહું દાવામાં વાદી નં.૧ અને પ્રતિવાદી નં.૧ થી ૩ ના બહેનો થાય છે. અને તેમના પિતાશ્રી ગુજ. અકબમીયા રસુલમીયાંને પુરુષ વારસમાં કોઈ દિકરો નથી. તેથી અમો પક્ષકારો સિવાય બીજા કોઈ વારસદારો નથી. અને અમારા માતૃશ્રી હસીનાબીબી પઠાણ પણ હાલમાં ગુજરી ગયા છે અને મારા માતૃશ્રી ગુજરી જતાં સદરહું દાવાવાળી મિલ્કતો અમો પક્ષકારોના માતૃશ્રીના નામે થયેલ સરકારી રેકર્ડે ચાલતી આવેલી અને સદરહું મિલ્કતોમાં મુસ્લિમ કાયદા મુજબ અમો પ્રતિવાદીઓ નં.૨ થી ૩ નો તેમજ વાદી નં.૧ નો વણવહેચાયેલો દરેકનો ૧/૪ હિસ્સો આવેલ છે અને સદરહું મિલ્કતની કોઈ વહેંચણી આજદિન સુધી થયેલી નથી અને સદરહું મિલ્કતો હજુ પણ પક્ષકારો વચ્ચે મજીયારી ચાલે છે. અને સદરહું જમીનમાં ઉપજ લેવામાં આવતી હતી તે અંદરો અંદર વહેંચી લેતા હતા અને વાદી નં.૧ ને બહેનના સબંધે વાદવાળુ મકાન રહેવા આપેલ હતું. પરંતુ દાવાવાળી તમામ મિલ્કતો વડીલો પાજીત મીલકત છે અને અમો પ્રતિવાદીઓનો વાદી નં.૧ સાથે સરખો હિસ્સો સમાયેલો છે.તેથી વાદીનો કોઈ પ્રથમદર્શીય કેસ નથી તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમના લાભમાં ન હોઈ તેથી મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

વિશેષમાં પ્રતિવાદી તરફે એવી રજુઆત કરેલ છે કે માર્ક–૩/૧ થી રજુ રાખવામાં આવેલ વીલમાં પ્રતિવાદી નં.૧ થી ૩ કોઈ સહી અંગુઠા નથી પરંતુ વાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૧ થી ૩ સાથે દગો અને કપટ કરી ફ્રોડ કરી

ગેરકાયદેસર રીતે વીલ કરાવી લીધેલ છે અને તેથી સદરહું વીલ ગેરકાયદેસરનું છે અને મુસ્લિમ સરીયત મુજબ ૧/૩ મિલ્કત થી વધારાનું વીલ કરનાર કરાવી શકે નહી અને વાદગ્રસ્ત મિલ્કત વડીલો પાર્જીત હોવાથી પ્રતિવાદી નં.૧ થી ૩ નો વાદી સાથે ૧/૪ હિસ્સો છે તેવું ઠરાવા અને પ્રતિવાદી નં.૧ થી ૩ ને દાવાવાળી મિલ્કતમાં હિસ્સો ન મળે ત્યાં સુધી કાઉન્ટર કલેમની તારીખથી વાર્ષિક દરમ્યાન ઉપજના નુકશાની બદલ દાવાવાળી મિલ્કત માંથી વાર્ષિક દરમ્યાન ઉપજના વ્યાજના રૂા.૨૫૦૦૦/– નુકશાની બદલ વાર્ષિક ૧૮% ના વ્યાજ સહિત વસુલ મેળવવા પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ વાદી સામે કાઉન્ટર કલેમ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

પ્રતિવાદી તરફે કરેલ કાઉન્ટર કલેમના સમર્થનમાં આંક–૧૦ થી વાદી વિરૂધ્ધ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા અરજી કરવામાં આવેલ છે જેમાં વાદીઓ જાતે કે તેમના કુલમુખત્યાર મારફતે તેમના વિલના આધારે ગેરકાયદેસર રીતે દાવાના ઓથા તળે દાવાવાળી મિલ્કત કોઈપણ થર્ડ પાર્ટીને કરે કરાવે નહી તેવો કામ ચલાઉ મનાઈ હુકમ દાવાના આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વાદીના વિરૂધ્ધમાં ફરમાવવા અરજ કરેલ છે.

વાદી તરફે આંક–૧૯ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરવામાં આવેલ છે. વાદીએ તેના દાવાના સમર્થનમાં આંક–૩ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ રાખી માર્ક–૩/૧ થી ૩/૧૪ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે.

માર્ક–૧૨/૩ થી કોર્ટ કમિશ્નર દ્વારા કરવામાં આવેલ પંચનામું તથા ૧૨/૪ થી વાદગ્રસ્ત મિલ્કતનો નકશો રજુ કરવામાં આવેલ છે.

વાદી તરફે આંક–૨૨ થી હાલની આ અરજીના સમર્થનમાં લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે. અને તે ધ્યાને લઈ વાદીનો પ્રથમદર્શનીય કેસ હોઈ તથા સગવડતા સમતુલા પણ વાદીએ પુરાવાઓ રજુ કરી સાબિત કરેલ હોઈ દાવાવાળી મિલ્કત ઉપર પ્રતિવાદીઓનો કોઈ કબજો ન હોઈ વાદીની આંક–પ ની મનાઈ અરજી ખર્ચ સહીત મંજુર કરવા તથા પ્રતિવાદીની આંક–૧૦ ની મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

વાદીએ સદરહું દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

(૧) એ.આઈ.આર.૧૯૯૫, એસ.સી.,૩૫૦.

(૨) એ.આઈ.આર.૧૯૮૯, સુ.કોર્ટ, ૧૮૦૯.

(૩) એ.આઈ.આર.૧૯૯૮, સિકકીમ પેજ નં.૭.

(૪) એ.આઈ.આર. ૧૯૭૦, સુ.કોર્ટ, ૩૨૬.

(૫) જી.એલ.આર.૧૯૯૫(૨) પેજ.૧૩૬૯.

(૬) જી.એલ.આર.૧૯૮૯, પેજ.૯૯૪

પ્રતિવાદીઓ તરફે આંક–૨૫ થી લેખિત દલીલ રજુ કરવામા આવેલ છે. અને જેમાં મદહઅંશે પ્રતિવાદી તરફે આંક–૧૦ થી રજુ કરવામાં આવેલ મનાઈ હુકમ મેળવવા માટેની અરજીની વિગતો લખવામા આવેલ છે અને પ્રતિવાદીઓનો પ્રાયમાફેસી કેસ હોઈ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદીના લાભમાં હોઈ પ્રતિવાદીઓને માંગ્યા મુજબનો મનાઈ હુકમ વાદીના વિરૂધ્ધમાં આપવા તથા વાદીની હાલની આ અરજી નામંજુર કરવા અરજ કરાયેલ છે.

(૮)... આ અરજીના ન્યાયિક નિકાલ અને નિર્ણય માટે નીચેના મુદૃાઓ મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

**મુ દૃા ઓ**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેમનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમની તરફેણમાં છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે,તેમને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થાય તેવુ નુકસાન થાય તેમ છે ?

(૪) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, તેમનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૫) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેમની તરફેણમાં છે ?

(૬) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે,તેમને માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો પ્રતિવાદીને નાણાંથી ભરપાઈ ન થાય તેવુ નુકસાન થાય તેમ છે ?

(૭) શું હુકમ ?

(૯)... ઉપરોકત મુદ્દાઓ અંગેના આ અદાલતના નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) હકારમાં.

(૩) હકારમાં.

(૪) નકારમાં.

(૫) નકારમાં.

(૬) નકારમાં.

(૭) આખરી હુકમ મુજબ.

**<u>-:કા ર ણો:-</u>**

(૧૦)... દિવાની કાર્યરીતીમાં સર્વ માન્ય સિધ્ધાંત છે કે કામચલાઉ મનાઈ હુકમ એ સમન્યાયની દાદ છે, અને સમન્યાયની દાદમેળવવા માંગતી વ્યકિતએ કોર્ટ રુબરુ ચોખા હાથે આવવુ જોઈએ તથા રેકર્ડ પરથી ત્રણ વસ્તુઓ તેમની તરફેણમાં સાબિત કરવાની રહે છે. આ ત્રણ

વસ્તુઓમાં સર્વ પ્રથમ પક્ષકારોએ રેકર્ડ પરથી સિધ્ધ કરવાનુ રહે છે કે તેમનો પ્રથમ દર્શનીય કેસ છે.પરંતુ પ્રથમ દર્શનીય કેસ છે તેમ માત્ર સિધ્ધ કરવાથી મનાઈ હુકમ માંગનાર આપો આપ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા પાત્ર ઠરતા નથી. પરંતુ પક્ષકારોએ ત્યારબાદ એ હકીકત સંતોષકારક રીતે સિધ્ધ કરવાની રહે છે કે, સગવડતાની તુલા તેમની તરફેણમાં છે અને મનાઈ હુકમ આપવામાં ન આવે તો સામા પક્ષ કરતા તેમને વધુ આર્થિક નુકસાન જાય તેમ છે. આ ઉપરાંત કોર્ટે પક્ષકારોની વર્તણુક તથા ડીલે અને લેચીસની હકિકતો પણ ધ્યાને લ ેવાની રહે છે.વધુમાં કોર્ટે કામ ચલાઉ મનાઈ હુકમની અરજી નકકી કરતી વખતે એ હકીકત પણ ધ્યાને લેવાની રહે છે કે કામ ચલાઉ મનાઈ હુકમની દાદ નો મુખ્ય ઉદ્દેશ પક્ષકારો વચ્ચેની તકરારનો નિકાલ ન થાય ત્યાં સુધી દાવાની વિષય વસ્તુની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો છે, એટલે કામ ચલાઉ મનાઈ હુકમની દાદના તબકકે આપવામાં આવતી દાદ, દાવાની આખરી દાદના સ્વરુપની ન હોવી જોઈએ, કારણ કે આખરી દાદ દાવાના અંતે આપી શકાય, અથવા ન પણ આપી શકાય, જયારે પક્ષકારો પોત પોતાના હકકો અંગે લડતા

હોય અને તેમણે પોતાના હકકો સ્થાપીત કર્યા ના હોય તેવા વચગાળાના તબકકે વચગાળાની દાદ સાથે દાવો મંજુર થઈ જતો હોય,તેવી દાદ પણ આપી શકાય નહી. તેમજ મનાઈ હુકમની અરજી નકકી કરતી વખતે કોર્ટે એ પ્રશ્નનો પણ વિચાર કરવાનો રહે છે કે, વાદી–પ્રતિવાદીને કાયદાથી મળેલ અધિકારોમાં અંતરાય કરવુ એ ખુબજ ગંભીર બાબત છે અને મનાઈ હુકમનો કોઈ નિર્ણય કરતા પહેલા અન્ય પક્ષકારોને થનાર નુકસાન અને પડનારી હાલાકીનો પણ વિચાર કોર્ટે કરવાનો રહે છે. આ તમામ સંજોગોને ધ્યાને લઈ મનાઈ હુકમ આપતી વખતે કોર્ટે તેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો છે.

મુદ્દા નં.૧ થી ૬ :–

હાલના કામે વાદી તથા પ્રતિવાદી બંને મનાઈ અરજીઓ લઈ આવેલા હોય ત્યારે સમગ્ર મુદાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય આંક–૫ તથા આંક–૧૬ ની હકીકતો તથા રજુ થયેલ લેખીત દલીલનું પુનરાવર્તન ટાળવા સમગ્ર મુદાઓ તથા રજુ થયેલ દલીલ અન્વયે સલગ્ન ચર્ચા કરવામાં આવેલ છે.

ઉપરોકત હકીકતે વાદીએ આ કામમાં રજુ રાખેલ માર્ક ૩/૧ થી માર્ક ૩/૧૪ ના દસ્તાવેજો રજુ કરેલ છે જયારે પ્રતિવાદી તરફે તેમના દાવાના અનુસંધાને કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી. પ્રતિવાદી માત્ર અને માત્ર દાવા જવાબ તથા કાઉન્ટર કલેઈમ સાથે હાલની આ મનાઈહુકમની અરજીમાં જણાવેલ હકીકતો સાથે કોર્ટ સમક્ષ રજુઆત કરેલ છે. વાદીએ આ દાવામાં માર્ક ૧૨/૩ થી કોર્ટ કમિશ્નર દવારા રોજકામ કરાવેલ છે. આ કામે હાલની આ મનાઈ હુકમની અરજીઓ નિર્ણીત કરવા માટે પક્ષકારોના પ્રોસીડીંગ્સ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા વાદીએ રજુ કરેલ માર્ક ૩/૧ નું રજી.વીલ જોવામાં આવે તો મુસ્લીમ કાયદા અનુસાર તે બક્ષીસ તરીકે વીલ કરનારના મરણ બાદ વાદી નં.૧ ને વીલની મિલ્કત ૧/૩ મળવા પાત્ર થાય છે પરંતુ મુસ્લીમ કાયદા અનુસાર કોઈપણ મુસ્લીમ વ્યકિત વીલ કરતી વખતે તેની મિલ્કતના અન્ય વારસદારો જો તેમાં વિલથી મિલ્કત મેળવનાર વ્યકિતની તરફેણમાં મિલ્કત સબંધે પોતાની સંમતી દર્શાવે તો વિલાના ધારણકર્તા એટલેકે સંપુર્ણ મિલ્કત વિલ મુજબ મેળવી શકે તેવી કાયદાની સ્પષ્ટ સ્થિતી છે. આ કામમાં માર્ક ૩/૧

તા.૧/૧૨/૨૦૦૩ થી વિલ રજીસ્ટર્ડ નોંધાયેલ છે અને માર્ક ૩/૨ થી વિલ કરનારની અન્ય વારસદાર પુત્રીઓ કે જે આ કામે પ્રતિવાદીઓ છે તેમણે માર્ક ૩/૨ થી તા.૧/૧૨/૨૦૦૩ ના રોજ ના સ્ટેમ્પ પેપર ઉપર સંમતીપત્ર વીલના અનુસંધાને કરી આપેલ છે. તે રીતે વિલના કરનાર અને દાવાવાળી મિલ્કતના ધારણ કરનાર વાદી કાયદા અનુસાર વિલ અને સંમતીપત્રક કરેલ હોય અને માર્ક ૩/૧૪ થી તા.૨૩/૪/૨૦૦૭ નું પ્રતિવાદીઓની તરફેણમાં કરવામાં આવેલ વિલ વાદી દવારા જ આ કામમાં રજુ કરે છે ત્યારે તે વિલના અનુસંધાને મુસ્લીમ કાયદા અનુસાર વિલથી મિલ્કત મેળવનાર ૧/૩ થી વધારે મિલકત વિલ કરનારના અન્ય વારસદારની સંમતી વગર મેળવી શકે નહી તેવી સ્થિતી હોય તથા વાદી તરફે માર્ક ૩/૧૧ થી દાવાવાળી મિલ્કત અનુસંધાને વિલના કરનારે કરી આપેલ ગિરો દસ્તાવેજ ધ્યાને લેતા વિલના કરનારની સહી વાદી નં.૨ ના એ ઓળખી બતાવેલ છે તથા માર્ક ૩/૧૨ જોવામાં આવે તો અનરજીસ્ટર્ડ ગિરો દસ્તાવેજ જે વિલના કરનારે જે કરી આપેલ છે અને પ્રતિવાદી તરફે વિલ કરનારના અન્ય વારસદારની સંમતી આ કામે રજુ થયેલ નથી

ત્યારે દાવાવાળી મિલ્કત માર્ક ૩/૧૪ મુજબ વિલથી મિલ્કત ધારણ કરનાર દાવાવાળી સમગ્ર મિલ્કતના પ્રથમ દર્શનીય રીતે મિલ્કત મેળવી શકવા હકકદાર થવા માટે જરૂરી સંમતીપત્ર રજુ થયેલ નથી ત્યારે હાલના તબકકે પ્રથમ દર્શનીય રીતે જોતા વાદીએ રજુ રાખેલ માર્ક ૩/૧ તથા ૩/૨ મુજબના દસ્તાવેજો જોતા દાવવાળી મિલ્કત સ્વતંત્ર રીતે ધારણ કરી શકેલ હોય તેવી કાયદાની સ્થિતી ધ્યાને લેતા માની શકાય છે. વળી, પ્રતિવાદીએ રજુ રાખેલ દાવા જવાબ તથા કાઉન્ટર કલેઈમ આંક–૯ માં દાવાવાળી મિલ્કત વાદીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં હોવાનું સ્વિકારે છે અને દરમ્યાન ઉપજ મેળવવા માટેથી પ્રતિવાદીની માંગણી હોય ત્યારે પરોક્ષ રીતે પ્રતિવાદીઓ દાવાવાળી જમીન વાદીના કબજા ભોગવટામાં હોવાનું સ્વિકારે છે તેમજ, પરિશિષ્ટ 'બી'માં બતાવેલ મકાન સબંધે પ્રતિવાદીઓની કોઈ તકરાર નથી તેવું પ્રતિવાદીઓ કબુલ કરીને ચાલતા હોય ત્યારે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીનો કેસ પ્રથમ દર્શનીય હોવાનું જણાય છે.

વાદી તરફે હાલના કામે રજુ કરાયેલ ચુકાદાઓ માનસહ વંચાણે લીધેલ છે. ઉપરોકત ચુકાદાઓ સાથે બેમત હોઈ શકે નહી પરંતુ રજુ

થયેલ ચુકાદાઓ પૈકી નામ. ગુજરાત હાઈકોર્ટ દવારા અપાયેલ જી.એલ.આર.૧૯૯૫(૨) પેજ.૧૩૬૯ હાલના તબકકે આ કામમાં લાગુ પડતા હોવાનું માનુ છુ. જે મુજબ

**(B) SPECIFIC RELIEF ACT, 1963 (XLVII OF 1963) - Secs. 6 and 37 - Civil Procedure Code, 1908 (V of 1908) - Order 39, Rules 1 and 2 - Grant of injunction in favour of a person who is in actual possession irrespective of his title - Lower Courts holding that plaintiff was in possession but the possession was not legal - On facts found that defendant failed to show either actual possession or better right to possession - Held, plaintiff was entitled to interim prohibitory injunction restraining defendant from interfering with the plaintiff's possession.**

તથા જી.એલ.આર.૧૯૮૯, પેજ.૯૯૪ માં ઠરાવેલ છે કે

**CIVIL PROCEDURE CODE, 1908 (V OF 1908) - Order 39, Rules 1 and 2 - If the plaintiff has a good prima facie case interim injunction must be granted for maintaining the status quo - Rules of the Association require to be interpreted on the question as to whether the plaintiff who was initially entitled to be a member ceased to be a member on resigning from the Union This is a substantial question - Interim injunction granted.**

તેમજ, સગવડતા સમતુલા તથા નાણામાં ન ચુકવી શકાય તેવું નુકશાન થવાની વકી પણ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તથા રજુ થયેલ ઉપરોકત નામ.વડી અદાલતાના ચુકાદાઓ ધ્યાને લેતા વાદીની તરફેણમાં રહેતી હોવાનું જણાય છે ત્યારે મુદા નં.૧ થી ૩ નો જવાબ હકારમાં તથા મુદા નં.૪ થી ૬ નો જવાબ નકારમાં આપી મુદા નં.૭ અન્વયે આખરી હુકમ નીચ્ચે મુજબ કરુ છુ.

:આખરી હુકમ:

૧. વાદીની હાલની આ આંક–પ ની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે અને દાવાવાળી મિલ્કતમાં વાદીના શાંત પ્રત્યક્ષ કબજા ભોગવટામાં પ્રતિવાદીઓએ કે તેમના મળતીયા એજન્ટો એસાઈનીઓએ હાલના દાવાના આખરી નિકાલ સુધી દખલ,અડચણ કે ટ્રેસપાસ કરવો કરાવવો નહી તેવો હુકમ ફરમાવવામાં આવે છે.

૨. તેમજ,વાદીએ હાલનો આ દાવો ચાલતા સુધી દાવાવાળી મિલ્કતોનું આ દાવાના આખરી નિકાલ સુધી વેંચાણના કરારથી કે વેંચાણથી કે બક્ષીસથી કે ગીરો કે લીયનથી કે અન્ય કોઈપણ રીતે કોઈનું હકક હીત કે સબંધ ઉભા કરવા કરાવવા નહી.

૩. પ્રતિવાદીની હાલની આ અરજી નામંજુર કરવામાં આવે છે.

૪. હાલની આ અરજીઓનું ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આજરોજ તારીખ ૨૮ માર્ચ ૨૦૧૬ મુ.માતર ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

માતર.

તારીખ : ૨૮/૩/૨૦૧૬. **અલીઅસગર હસનઅલી હીરાની**

**બીજા એડી.સીવીલ જજ**

(સેલ્ફ) **માતર.**(જી.જે.૦૧૧૮૪)